અગ્રતા ક્રમ -: **૧૧**

વિભાગ :- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૮૮૧

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૧૩.૦૨.૨૦૨૪

પ્રશ્નનું શીર્ષક : ભાવનગર જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

પ્રશ્ન પૂછનાર : માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર : શ્રી ગૌતમભાઈ ગોપાભાઈ ચૌહાણ (તળાજા)

# અગ્રતા ક્રમ : ૧૧

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૮૮૧

## અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| મૂળ પ્રશ્ન | ભાવનગર જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો | |
| વિભાગે કરેલ જવાબ | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક માહિતી | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન-૧ | કારખાના ધારાની પાત્રતાની વ્યાખ્યા આપો? | શ્રી ગૌતમભાઇ ચૌહાણ (તળાજા) |
| પેટા પ્રશ્ન-૨ | ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા કારખાના નોંધાયેલા છે? | શ્રી ગૌતમભાઇ ચૌહાણ (તળાજા) |
| પેટા પ્રશ્ન-૩ | શ્રમ આયુક્ત તંત્ર દ્વારા કાર્યરત કોલ સેન્ટરમાં ભાવનગર જિલ્લામાં તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં કેટલા કોલ આવેલ છે ? અને કેવા પ્રકારના કોલ આવેલા છે તેની જાણકારી આપવા વિનંતી છે ? | શ્રીમતી સેજલબેન પંડ્યા (ભાવનગર પૂર્વ) |
| પેટા પ્રશ્ન-૪ | ભાવનગર જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલાં ઔદ્યોગિક એકમોમાં કોર્ટ કાર્યવાહી કરવામાં આવેલ છે ? | શ્રીમતી સેજલબેન પંડ્યા (ભાવનગર પૂર્વ) |
| પેટા પ્રશ્ન-૫ | ભાવનગર જિલ્લામાં તા-૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મળેલ ફરિયાદો કયા કયા શ્રમ કાયદા હેઠળની છે ? | શ્રી ભીખાભાઇ બારૈયા (પાલીતાણા) |
| પેટા પ્રશ્ન-૬ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ ભાવનગર જિલામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમિયાન કારખાના ધારા હેઠળ કેટલી ફરિયાદો મળેલ છે? | શ્રી ભીખાભાઇ બારૈયા (પાલીતાણા) |

# ભાવનગર જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

૭/૨૪

તારાંકિત પ્રશ્ન

ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/881

વિષય:

ભાવનગર જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 11/01/2024 | 07/02/2024 | 22/01/2024 |

*15/4/881 શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ(તળાજા)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કે:-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ભાવનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદા ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, અને

(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

મેઇન પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

ભાવનગર જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

•૧૫/૪/૮૮૧- શ્રી ગૌતમભાઈ ગોપાભાઈ ચૌહાણ(તળાજા):

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ભાવનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, | (૧) કુલ- ૫૧ |
| (૨) ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૨૫ ફરિયાદોમાં ૩૮ શ્રમયોગીઓને રૂ.૨,૨૪,૮૨૦/-નું ચુકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૧૫ ફરિયાદોમાં કુલ- ૧૭ કોર્ટ કેસો નામદાર મજુર અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.<br>• ૦૨ ફરિયાદોમાં ૦૨ શ્રમયોગીઓને રીકવરીની સલાહ આપવામાં આવેલ છે.<br>• ૦૫ ફરિયાદોમાં ફરિયાદીનું સંસ્થા સાથે બારોબાર સમાધાન થતા ફરિયાદ પરત ખેંચેલ છે.<br>• કુલ- ૦૧ કારખાના વિરુદ્ધ કુલ- ૦૫ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• અન્ય ફરિયાદોનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

---

ગૃહમાં જવાબ આપવાની તા.૧૩/૦૨/૨૦૨૪.

ક:વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.-૨૧/મ(૩)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૦૭/૦૨/૨૦૨૪.

પ્રતિ,
સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગરના તા.૨૨/૦૧/૨૦૨૪ના પત્ર અનુસંધાને જવાબ અપલોડ કરેલ છે.

(ગગુભા રાજ)
નાયબ સચિવ(શ્રમ),
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ.

• નકલ રવાનાઃ –

(૧) માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

(૨) માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
(૩) શ્રમ આયુક્તશ્રી(ગુ.રા.)ની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
(૫) વિધાનસભા કામકાજ માટે વિભાગના નોડલ અધિકારીશ્રી,શ્ર.કૌ.વિ.રો.વિ., સચિવાલય, ગાંધીનગર.
(૬) સેકશન અધિકારીશ્રી(સં.) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) શાખા સિલેકટ ફાઇલ /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ – ૨૦૨૪.

મેઇન પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

## ભાવનગર જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

ઔદ્યોગિક એકમો દ્વારા કર્મચારી / વર્કરોનું શોષણ ન થાય ત્યારે જ રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે. ગુજરાત ઔદ્યોગિક શાંતિ જાળવી રાખવામાં અગ્રેસર છે. શ્રમ તંત્ર દ્વારા રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ જાળવી રાખવા માટે શ્રમિકો અને માલિકોને સ્પર્શતાં વિવિધ શ્રમ કાયદાઓના અસરકારક અમલીકરણને અગ્રિમતા આપી પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

- વિવિધ શ્રમ કાયદાઓના ભંગ બાબતની ફરિયાદોનો સમયમર્યાદામાં નિકાલ કરવાની કામગીરી શ્રમ તંત્રના શ્રમ અધિકારી દ્વારા હાથ ધરવામાં આવે છે.

મેઇન પેજ પર જાઓ

પૂરક નોંધ

## તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૮૮૧

## માનનીય ધારાસભ્યશ્રી ગૌતમભાઈ ગોપાભાઈ ચૌહાણ (તળાજા)

## ભાવનગર જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

## ફરિયાદ સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો:-

- ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૧૧૬૫ ઔદ્યોગિક એકમો કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે. જેમાથી ૧૦૭૭ ચાલુ ઔદ્યોગિક એકમો છે તથા ૮૮ બંધ ઔદ્યોગિક એકમો છે.
- ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કુલ ૫૧ ફરીયાદો મળેલ છે.
- કર્મચારી / વર્કરો તરફથી મળેલ ઉક્ત ફરીયાદો પૈકી ૨૫ ફરીયાદોમાં નીચે મુજબનું સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે. (જેની વિગતો બિડાણ-૧ થી સામેલ છે)

| ફરિયાદોની સંખ્યા | ઔદ્યોગિક એકમોની સંખ્યા | શ્રમયોગીઓની સંખ્યા | સમજાવટથી કરાવેલ ચુકવણું |
|---|---|---|---|
| ૨૫ | ૨૫ | ૩૮ | રૂ.૨,૨૪,૮૨૦/-(બે લાખ ચોવીસ હજાર આઠસો વીસ) |

- ઉક્ત ફરિયાદો સંદર્ભે કુલ ૧૬ ઔદ્યોગિક એકમો સામેની ૧૬ ફરિયાદોમાં ઔદ્યોગિક એકમો દ્વારા પૂર્તતા ન કરતાં તેઓ સામે કુલ ૨૨ ફોજદારી કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી ૦૯ કેસોનો નામદાર કોર્ટ દ્વારા નિકાલ કરવામાં આવેલ છે. અને કસુરવાર માલિકને રૂ. ૨,૪૮,૨૫૦/- (બે લાખ અડતાલીસ હજાર બસો પચાસ) નો દંડ કરવામાં આવેલ છે. (જેની વિગતો બિડાણ -૨ થી સામેલ છે.)
- ૦૨ ફરિયાદોમાં ૦૨ શ્રમયોગીઓને રિકવરીની સલાહ આપવામાં આવેલ છે.
- ૦૫ ફરિયાદોમાં ફરિયાદીનું સંસ્થા સાથે બારોબાર સમાધાન થતાં ફરિયાદ પરત ખેંચેલ છે
- અન્ય ફરિયાદોનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે.

# ફરિયાદ ઉપરાંત કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો:-

- તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં શ્રમ તંત્રના અધિકારીઓ દ્વારા ઉક્ત ફરીયાદો ઉપરાંત કુલ ૯૨૭ ઔદ્યોગિક એકમોની રૂબરૂ તપાસ કરીને લાગૂ પડતા શ્રમ કાયદાઓ હેઠળ તપાસનોંધ આપવામાં આવેલ છે.
- ઔદ્યોગિક એકમોને વિવિધ શ્રમ કાયદાઓ હેઠળ આપવામાં આવેલ તપાસનોંધ સંદર્ભે પૂર્તતા ન કરતા કુલ ૭૧ ઔદ્યૌગિક એકમો સામે ૧૫૦ ફોજદારી કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી ૪૫ કેસોનો નામદાર કોર્ટ દ્વારા નિકાલ કરી કસુરવાર માલિકને રૂ. ૬,૯૨,૦૦૦/- દંડ વસુલ કરવામાં આવેલ છે.

| ઔદ્યોગિક એકમોની સંખ્યા | દાખલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા | પડતર કોર્ટ કેસોની સંખ્યા | નિકાલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા | દંડની રકમ |
|---|---|---|---|---|
| ૭૧ | ૧૫૦ | ૧૦૫ | ૪૫ | રૂ.૬,૯૨,૦૦૦/- (રૂ.છ લાખ બાણુ હજાર) |

- ફરિયાદો ઉપરાંત સરકારી શ્રમ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ તપાસ દરમિયાન પણ સમજાવટથી નીચે મુજબનું ચુકવણું કરાવવામાં આવેલ છે. (જેની વિગતો બિડાણ–૩ થી સામેલ છે).

| ચુકવણાનો પ્રકાર | સંસ્થાઓ ની કુલ સંખ્યા | શ્રમયોગીઓ ની કુલ સંખ્યા | સમજાવટથી કરાવેલ કુલ ચુકવણું |
|---|---|---|---|
| બાકી પગારનું ચુકવણું | ૦૪ | ૩૯ | રૂ.૨,૫૨,૩૯૫ (રૂ.બે લાખ બાવન હજાર ત્રણસો પંચાણું) |

- આમ, કુલ ૦૪ સંસ્થાઓમાં ૩૯ શ્રમયોગીઓને કુલ રૂ.૨,૫૨,૩૯૫/- (રૂ.બે લાખ બાવન હજાર ત્રણસો પંચાણું)નું ચુકવણું ફરિયાદ સિવાય કરાવવામાં આવેલ છે

<u>શ્રમ તંત્રનો કાર્યક્ષેત્ર અને વ્યાપ:</u>

શ્રમ કાયદાઓના અમલીકરણ ઉપરાંત ઔધોગિક શાંતિની જાળવણી કરવી તેમજ સુમેળ ભર્યું ઔધોગિક વાતાવરણ પ્રસ્થાપિત કરવામાં શ્રમ તંત્ર આગવી અને અગત્યની ભૂમિકા ભજવે છે. શ્રમ કાયદાઓમાં કરેલ સુધારાઓમાં ઔધોગિક વિકાસની સાથે શ્રમયોગીઓનું હિત જળવાઇ રહે તે બાબત ધ્યાનમાં લેવામાં આવે છે.

<u>શ્રમ તંત્રનો અભિગમ અને વ્યુહરચના અને કામગીરી:</u>

- ઔધોગિક શાંતિ જાળવી રાખવી. શ્રમ કાયદાઓનો અમલ કરાવવો. શ્રમ અને ઉધોગને લગતો કાયદાઓ, પ્રક્રિયાઓ અને નીતિઓને તર્ક બદ્ધ બનાવવા માટે તમામ પક્ષકારો સાથે ત્રિપક્ષીય મંત્રણાઓ કરવી.
- રાજ્યનું શ્રમ આયુકત તંત્ર મુખ્યત્વે કારખાના ધારા,૧૯૪૮ અને તે હેઠળના નિયમો, વેતન ચુકવણી ધારા,૧૮૩૬, પ્રસુતિ સહાયતા અધિનિયમ,૧૯૬૧, લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮, બોનસ ચુકવણી અધિનિયમ-૧૯૬૫, ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ-૧૯૭૨, કોન્ટ્રાક્ટ મજુર( નિયમન અને

નાબુદી) અધિનિયમ-૧૯૭૦, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭, અને બાળ અને કિશોર( પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬ કાયદાઓનો અમલ કરાવે છે.

- શ્રમ તંત્રના નાયબ શ્રમ આયુકત (વર્ગ-૧), મદદનીશ શ્રમ આયુકત (વર્ગ-૧), સરકારી શ્રમ અધિકારી(વર્ગ-૨)તથા નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યતંત્રના નાયબ નિયામક(વર્ગ-૧), મદદનીશ નિયામક(વર્ગ-૨), ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી(વર્ગ-૨) સંવર્ગના અધિકારી શ્રમ કાયદાઓનો અમલ કરાવે છે. શ્રમ કાયદાઓના અમલીકરણ માટે માસિક ૨૫(પચ્ચીસ) નિરીક્ષણોનો લક્ષાંક દરેક સરકારી શ્રમ અધિકારીશ્રીને આપવામાં આવેલ છે. સરકારી શ્રમ અધિકારીશ્રીઓ દ્વારા શ્રમ કાયદાઓના નિરીક્ષણો કરતી વખતે જે ઔદ્યોગિક એકમો સામે ફરિયાદો હોય તેવા ઔદ્યોગિક એકમોના નિરીક્ષણોને અગ્રતાના ધોરણે હાથ ધરવામાં આવે છે.
- ઔદ્યોગિક એકમો સામે ફરિયાદ આવે ત્યારે, જે તે ઔદ્યોગિક એકમની સરકારી શ્રમ અધિકારી રૂબરૂ લાગુ પડતાં શ્રમ કાયદા હેઠળ નિરીક્ષણ કરે છે અને જરૂર જણાય શ્રમ કાયદાના ભંગ બદલ તપાસનોંધ આપેછે, જો ઔદ્યોગિક એકમ શ્રમ કાયદાના ભંગની પુર્તતા ન કરે તો આવા શ્રમ કાયદાના ભંગમા ફોજદારી કેસ સમુચિત અદાલતમાં સરકારી શ્રમ અધિકારી દ્વારા દાખલ કરવામાં આવે છે. ઔદ્યોગિક એકમો સામે ફરિયાદોમાં માનનીય પ્રાઈમ મીનીસ્ટર ગ્રીવન્સીસ પોર્ટલ, માનનીય મુખ્યમંત્રીશ્રી કાર્યાલય (સી.એમ.ઓ. પોર્ટલ) , લોક ફરિયાદ (સ્વાગત પોર્ટલ), ઇ-મેઈલ દ્વારા મળતી ફરિયાદો તથા સરકારી સંદર્ભ અને કચેરીને શ્રમયોગી/શ્રમયોગીના મંડળ દ્વારા સીધી કરવામાં આવતી ફરિયાદોનો સમાવેશ થાય છે.

- <u>લધુતમ વેતન અધિનિયમ- ૧૯૪૮</u> , રાજ્ય સરકારને મળેલ સત્તા મુજબ કુલ ૫૬ અનુસુચિત રોજગારીઓમાં લધુતમ વેતન દર નકકી કરવામાં આવેલ છે. સદર કાયદા હેઠળ ઓછુ વેતન ચુકવાતુ હોય તેવી સંસ્થામાં સરકારી શ્રમ અધિકારી દ્વારા સમજાવટથી શ્રમયોગીઓને વેતન તફાવત ચૂકવવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે. વિવિધ રોજગારીઓમાં લધુતમ વેતન દર નકકી કરવા અને તેમાં સુધારા વધારા બાબતે લધુતમ વેતન સલાહકાર મંડળ રાજય સરકારને ભલામણ કરે છે આ કાયદો શ્રમયોગીઓના જીવન નિર્વાહ માટે પુરતુ વેતન મળી રહે તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલ છે.
- <u>ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ-૧૯૭૨</u> શ્રમિકોની લ્હેણી નીકળતી ગ્રેજ્યુઇટીની રકમ સંસ્થાના માલિક ચૂકવણી ન કરે તો તે મેળવવા માટે શ્રમિક પોતે અથવા નોંધાયેલ ટ્રેડયુનિયન મારફત નિયંત્રણ અધિકારીને નિયત કરવામાં આવેલ ફોર્મમાં અરજી કરી શકે છે. નિયંત્રણ અધિકારી પક્ષકારોની રજૂઆતો અને રજૂ થયેલ પુરાવાઓને ધ્યાને લઇ સંસ્થાને ગ્રેજ્યુઇટીની રકમ શ્રમિકને ચૂકવવા હુકમ કરે છે. આ હુકમ સામે કોઇ પણ પક્ષકાર ૬૦ દિવસની અંદર એપેલેટ ઓથોરિટીની અપીલ કરી શકે છે. હાલમાં કાયદાકીય જોગવાઇઓ અનુસાર વધુમાં રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- (વીસલાખ) ગ્રેજયુઇટી તરીકે ચૂકવણી થઇ શકે છે.
- <u>કોન્ટ્રાક્ટ મજૂર ( નિયમન અને નાબૂદી) અધિનિયમ-૧૯૭૦</u> ભારત સરકારે ઉધોગોમાં કોન્ટ્રાક્ટ પ્રથા હેઠળ કામ કરતા શ્રમયોગીઓની સલામતી અને કલ્યાણ માટે આ કાયદો પસાર કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા તે અન્વયેના નિયમો બનાવેલ છે. રાજ્યમાં ૫૦ કે તેથી વધુ શ્રમયોગીઓને કામે રાખતી સંસ્થા/ ઉધોગોને કોન્ટ્રાક્ટ/મજૂર( નિયમન અને નાબૂદી) જોગવાઇઓ લાગુ પડે છે. આ કાયદા હેઠળ રાજય કક્ષાએ રજિસ્ટ્રિંગ અને લાયસન્સિંગ અધિકારી તરીકે અધિક શ્રમ આયુકતને તથા મદદનીશ શ્રમ આયુક્તને તેઓના કાર્યવિસ્તાર પૂરતા નોંધણી અને લાયસંસિંગ અધિકારી તરીકે જાહેર કરેલ છે.

- <u>ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭</u>, ભારત સરકારશ્રીનો આ કાયદો ઔદ્યોગિક તકરારોની તપાસ અને પતાવટ તથા બીજા અમુક હેતુઓ માટે જોગવાઇ કરવાના ઉદેશથી ઘડવામાં આવેલા છે. આ કાયદામાં માલિકો- માલિકો અને માલિકો અને શ્રમિકો વચ્ચેની અથવા શ્રમિકો- શ્રમિકો વચ્ચેની ઔદ્યોગિક તકરારમાં નિરાકરણ માટેની જોગવાઇઓ કરવામાં આવેલ છે. રાજ્યના મદદનીશ શ્રમ આયુક્તને સમાધાન અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. ઔદ્યોગિક વિવાદોમાં સમાધાન શક્ય ન બનવાના કિસ્સામાં શ્રમ તંત્રના રેફરન્સ કરવાની સત્તાઓ મદદનીશ શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત અને રાજ્યના શ્રમ આયુક્ત દ્વારા ન્યાયનિર્ણય માટે હકુમત ધરાવતી અદાલતોમાં રેફરન્સ કરવામાં આવે છે. આ કાયદા હેઠળ લે- ઓફ, રિટ્રેચમેન્ટ અને ક્લોઝર સંબંધિત ખાસ જોગવાઇઓ કરવામાં આવેલ છે. આ કાયદાની જોગવાઇઓના ભંગ માટે શ્રમ તંત્રના અધિકારીઓ દ્વારા કસૂરવાર સંસ્થાઓ સામે અદાલતમાં કેસો દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.
- <u>આંતર રાજય સ્થાનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯</u> રાજ્યનું શ્રમ આયુક્ત તંત્ર સ્થાનાત્તરી શ્રમયોગીઓને લગતા "આંતર રાજ્ય સ્થાનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯"નો અમલ કરાવે છે. આ અધિનિયમની જોગવાઇ મુજબ જ્યારે પાંચ કે તેથી વધારે શ્રમયોગીઓ એક રાજ્યમાંથી કોઇ કોન્ટ્રાક્ટર મારફત બીજા રાજ્યમાં કામ કરવા સબબ ભરતી થાય ત્યારે તેવા કોન્ટ્રાક્ટરને તથા આવા કામદારો જે સંસ્થામાં કામ કરે તે સંસ્થાને લાગુ પડે છે. આવી સંસ્થાએ આ અધિનિયમ હેઠળ નોંધણી કરાવવી ફરજિયાત છે. અને આવા કોન્ટ્રાક્ટરે આ અધિનિયમ હેઠળ લાયસન્સ લેવું ફરજિયાત છે. આ માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં ફરજ બજાવતા મદદનીશ શ્રમ આયુક્ત વર્ગ-૧ને નોંધણી તેમજ લાયસન્સીંગ અધિકારી જાહેર કરેલ છે. આ

અધિનિયમની અન્ય જોગવાઇઓ જેવી કે, શ્રમયોગીઓને વિસ્થાપન ભથ્થું, પ્રવાસ ભથ્થું, કામના કલાકો, ઓવર ટાઇમ વગેરેનો અમલ સરકારી શ્રમ અધિકારી, વર્ગ-૨ દ્વારા કરાવવામાં આવે છે.

- બાળ અને તરૂણ શ્રમયોગી ( પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ- ૧૯૮૬ , રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. જે બાળકોએ ૧૪ વર્ષ પુરા કરેલ નથી તેવા બાળકોને કોઇપણ પ્રકારના ધંધા/ પ્રક્રિયાઓમાં કામે રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ૧૪ થી ૧૮ વર્ષના કિશોર(તરૂણો) ને જોખમી વ્યવસાયોમાં પ્રતિબંધ છે અને અન્ય વ્યવસાયો/પ્રક્રિયાઓમાં તરૂણ શ્રમયોગીઓને કામે રાખવા માટે રોજગારીના નિયમનાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ કાયદાની કલમ-૧૬ હેઠળ કરેલ જોગવાઇ મુજબ કોઇપણ વ્યક્તિ તેમજ પોલીસ અધિકારી પણ બાળશ્રમયોગી રાખવા અંગે ફોજદારી ફરિયાદો દાખલ કરી શકે છે. બાળ અને તરૂણ શ્રમયોગીઓને કાયદાથી વિરૂધ્ધ કામે રાખવા પર માલિકોને પ્રથમ વારના ગુનામાં રૂપિયા ૨૦,૦૦૦/- થી૧,૦૦,૦૦૦/- નો દંડ અથવા છ મહિનાથી બે વર્ષ સુધીની જેલ અથવા બંને શિક્ષાની જોગવાઈ છે. જ્યારે આવા જ પ્રકારના બીજીવારના ગુનામાં તેજ માલિકને એક વર્ષથી લઇને ત્રણ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઇ કરવામાં આવેલ છે.

# તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન

# ફરીયાદો અન્વયે કરેલ સમજાવટથી ચુકવણું

## બિડાણ -!૧

| એનેક્ષર-એ | | | |
|---|---|---|---|
| ક્રમ | સંસ્થા | શ્રમયોગીઓ ની સંખ્યા | ચુકવણૂ |
| ૧ | માઈક્રોસાઈન પ્રોડક્ટસ કંપની. | ૧ | ૯,૨૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૨ | PRM pvt ltd, જી.આ.ઈ.ડી.સી., ચિત્રા, ભાવનગર. | ૧ | ૮,૩૫૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૩ | ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ, માલધારી સોસાયટી, ભાવનગર. | ૧ | ૬,૦૯૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૪ | સ્ટીલ કાસ્ટ લિમિટેડ, રૂવાપરી રોડ, કુંભારવાડા, ભાવનગર. | ૧ | ૯,૮૩૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૫ | કે.બી. ઈસ્પાટ, ઘાંઘળી રોડ, ભાવનગર. | ૧ | ૧૧,૦૦૦/-<br>કોન્ટ્રાક્ટ લેબર એક્ટ-૧૯૭૦ |
| ૬ | યુનિવર્સલ સિક્યોરીટી એજન્સી, ચિત્રા રોડ, ભાવનગર. | ૧ | ૧૦,૫૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૭ | બોબીનો સ્ટીલ, મુ.નવાગામ, જી.ભાવનગર. | ૧ | ૫,૦૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮) |
| ૮ | વેસ્ટ્રન પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ, રેયોન મીલ કમ્પાઉન્ડ, નારી રોડ, ભાવનગર. | ૧ | ૬,૫૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૯ | નવયુગ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ, ચિત્રા જી.આઈ.ડી.સી. ભાવનગર. | ૧ | ૬,૪૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૧૦ | યોગેશ સ્ટીલ રી રોલીંગ મીલ, ચિત્રા જી.આઈ.ડી.સી. ભાવનગર. | ૭ | ૧૫,૭૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૧૧ | ગુપ્તા કંપની, મુ.પડવા, તા.ઘોઘા, જી.ભાવનગર. | ૧ | ૮,૫૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૧૨ | સાલાસર સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ, ઘાંઘળી રોડ, શિહોર, ભાવનગર. | ૨ | ૬,૦૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | એ.બી. એન્ટરપ્રાઈઝ, શિવા કોમ્પ્લેક્ષ, ભાવનગર. | ૧ | ૧૩,૯૫૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૧૪ | રિલાયન્સ SMSL, હિમાલીયા મોલ, ભાવનગર. | ૧ | ૧૨,૦૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૧૫ | કૃષ્ણા ગ્લોબલ, શિહોર, ભાવનગર. | ૧ | ૫,૨૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૧૬ | કુંભારવાડા કેમીકલ કં. , ભાવનગર. | ૧ | ૯,૨૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૧૭ | એક્સેલ ક્રોપ કેર, ભાવનગર. | ૫ | ૧૫,૯૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૧૮ | જય ખોડિયાર કોટન લી., મહુવા, જી.ભાવનગર. | ૧ | ૧૦,૮૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૧૯ | આઈ.પી.સી.એલ. ઈન્ડસ્ટ્રીઝ, નારી રોડ, ભાવનગર. | ૧ | ૧૦,૨૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૨૦ | પાયોનિયર સોલ્યુશન પ્રા.લી., ભાવનગર. | ૧ | ૪,૬૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૨૧ | ઓપેરા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી., તળાજા, જી.ભાવનગર. | ૩ | ૭,૨૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૨૨ | ટાટા સોલાર પાવર | ૧ | ૬,૬૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૨૩ | ડિવાઈન સ્ટાર ડાયમંડ, નવાગામ, ગારીયાધાર, જી.ભાવનગર. | ૧ | ૮,૩૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૨૪ | દિવ્યા પ્લાસ્ટીક, મોતીતળાવ, ભાવનગર. | ૧ | ૪,૦૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| ૨૫ | ગુજરાત બાયો ઓર્ગેનિક પ્રા.લી., ભાવનગર. | ૧ | ૧૩,૮૦૦/-<br>લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ |
| | | ૩૮ | રૂ.૨,૨૪,૮૨૦/- |

# તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન

# ફરીયાદો અન્વયે કરેલ કોર્ટ કેસો

## બિડાણ – ૨

| ક્રમ નં | કારખાનાનું નામ અને સરનામુ | કાયદાનું નામ | કેસ નં | કોર્ટ કેસની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | આદિનાથ ઈન્ડસ્ટ્રીઝ રોલીંગ મિલ, ઘાંઘળી રોડ, શિહોર, જી.ભાવનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ | ૧૩૪/૨૦૨૩ | ૧ |
| ૨ | વિજયદિપ કન્ટ્રક્શન, બોરડીગેટ પોલીસ સ્ટેશનની બાજુમાં, ભાવનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ | ૫૭/૨૦૨૩ | ૧ |
| ૩ | આવડકૃપા ઈન્ડસ્ટ્રીઝ જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ | ૨૧૦/૨૦૨૪ | ૧ |
| ૪ | ગર્ગ કાસ્ટ સ્ટીલ પ્રા.લી., શિહોર, ઘાંઘળી રોડ, શિહોર , ભાવનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ | ૨૦૯/૨૦૨૪ | ૧ |
| ૫ | દ્રષ્ટી ફેડરેશન, ભાવનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ | ૯૬/૨૦૨૪ | ૧ |
| | | સમાન વેતન અધિનિયમ-૧૯૭૬ | ૧૯૬/૨૦૨૪ | ૧ |
| ૬ | આશિત શિપિંગ સર્વિસીઝ, ભાવનગર. | ઔદ્યોગિક વિવાદ ધારા-૧૯૪૭ | ૨૦૨/૨૦૨૪ | ૧ |
| ૭ | જય ભવાની સ્ટીલ, જી.આઈ.ડી.સી., શિહોર, ભાવનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ | ૧૭૧/૨૦૨૪ | ૧ |
| ૮ | સ્પાયર એન્ટરપ્રાઈઝ, ભાવનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ | ૭૬/૨૦૨૪ | ૧ |
| ૯ | વિમલ ઓઈલ મીલ | ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ | ૨૭૨/૨૦૨૪ | ૧ |
| ૧૦ | એમ.જે. સોલંકી અને ડી.જે. નાકરાણી, ભાવનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ | ૧૮૫/૨૦૨૪ | ૧ |
| ૧૧ | સુમિટોમો કેમિકલ ઈન્ડીયા લી., ભાવનગર. | ઔદ્યોગિક વિવાદ અધિનિયમ -૧૯૪૭ | ૨૦૧/૨૦૨૪ | ૧ |
| ૧૨ | વેષ્ણવીક બાયોટેક લી., ગામ-વડીયા, તા.શિહોર, જી.ભાવનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ | ૧૭૩/૨૦૨૪ | ૧ |
| ૧૩ | બકુલ કન્ટ્રક્શન કં, ભાવનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ | ૫૦/૨૦૨૩ | ૧ |
| | | કોન્ટ્રાક્ટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ-૧૯૭૦ | ૫૧/૨૦૨૩ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ | પાયલ બિલ્ડર્સ, મુ.કાજાવદર, તા.શિહોર, જી.ભાવનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ | ૧૩૯/૨૦૨૪ | ૧ |
| ૧૫ | ક્રેવ ઈંટરનેશનલ, બચુભાઈ દુધ વાળા, ભોજપરા, ભાવનગર. | લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ | ૨૧૨/૨૦૨૪ | ૧ |
| ૧૬ | ડીવાઇન સ્ટાર<br>નવાગામ રોડ, ગારીયાધાર, ભાવનગર | કા.ધા. - ૧૯૪૮નીકલમ- ૬૮ તથા ગુજરાત કારખાનાના નિયમો – ૧૯૬૩ ના નિયમો ૩-એ, નિયમ – ૪, નિયમ – ૧૧૦, નિયમ – ૬૬ (૧)(ડી) | - | ૫ |
| | | | કુલ | ૨૨ |

| બિડાણ-૩ | | | |
|---|---|---|---|
| ફરિયાદ સિવાય થયેલ ચુકવણાની વિગતો | | | |
| સમજાવટથી ચૂકવણૂં | | | |
| ક્રમ નંબર | સંસ્થા/વ્યક્તિનું નામ | શ્રમિકોની સંખ્યા | ચુકવણાની રકમ (રૂ.) |
| ૧ | ઓજ ઈંસ્ટીટ્યુટ ઓફ સાયન્સ. મુ.સિદસર જિ.ભાવનગર | ૧૭ | ૧,૦૫,૦૦૦/- |
| ૨ | સાઈ પેટ્રોલિયમ, ભાવનગર . | ૧૧ | ૩૬,૦૦૦/- |
| ૩ | ક્રેવ ઇન્ટરનેશનલ પ્રા.લી. મુ.ભોજપરા. જિ.ભાવનગર | ૦૧ | ૩૫,૦૦૦/- |
| ૪ | ચીત્રા ટ્રાંસપોર્ટ મુ.ભાવનગર. જિ.ભાવનગર | ૧૦ | ૭૬,૩૯૫/- |
| કુલ | | ૩૯ | ૨,૫૨,૩૯૫/- |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમઃ ૧૧ | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૮૮૧ | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ગૌતમભાઇ ચૌહાણ (તળાજા)** | |
| પેટા પ્રશ્ન-૧ | કારખાના ધારાની પાત્રતાની વ્યાખ્યા આપો? |
| જવાબ | કારખાના ધારાની પાત્રતાની વ્યાખ્યા:<br>જે સ્થળ પર ૧૦ કે તેથી વધુ કામદારોને રોકીને વીજળી શક્તિની મદદથી ઉત્પાદન પ્રક્રિયા કરવામા આવતી હોય અથવા જે સ્થળ પર ૨૦ કે તેથી વધુ કામદારોને રોકીને વીજળી શક્તિની મદદ વગર ઉત્પાદન પ્રક્રિયા કરવામા આવતી હોય તેવા સ્થળને કારખાના તરીકે કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધણી કરવામા આવે છે. |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ: ૧૧ | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૮૮૧ | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ગૌતમભાઇ ચૌહાણ (તળાજા)** | |
| પેટા પ્રશ્ન-૨ | ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા કારખાના નોંધાયેલા છે? |
| જવાબ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ૧૧૬૫ ઔદ્યોગિક એકમો કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે જેની તાલુકાવાર વિગતો આ મુજબ છે. |

તાલુકાવાર કુલ કારખાનાની સંખ્યા

| ક્રમ | તાલુકાનુ નામ | કુલ કારખાનાની સંખ્યા | | |
|---|---|---|---|---|
| ૧ | શીહોર | ૧૬૩ | ૨૬ | ૧૮૯ |
| ૨ | ભાવનગર | ૩૮૮ | ૨૦ | ૪૦૮ |
| ૩ | ગારીયાધાર | ૧૧ | ૧ | ૧૨ |
| ૪ | વલભીપુર | ૯ | ૦ | ૯ |
| ૫ | પાલીતાણા | ૧૬ | ૨ | ૧૮ |
| ૬ | ઘોઘા | ૮૨ | ૮ | ૯૦ |
| ૭ | મહુવા | ૨૧૦ | ૧૯ | ૨૨૯ |
| ૮ | તળાજા | ૧૯૮ | ૧૨ | ૨૧૦ |
| | કુલ | ૧૦૭૭ | ૮૮ | ૧૧૬૫ |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમઃ ૧૧ | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૮૮૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રીમતી સેજલબેન પંડ્યા (ભાવનગર પૂર્વ) | |
| પેટા પ્રશ્ન-3 | શ્રમ આયુક્ત તંત્ર દ્વારા કાર્યરત કોલ સેન્ટરમાં ભાવનગર જિલ્લામાં તાથી તા ૨૦૨૩/૦૧/૦૧..૩૧ સુધીમાં કેટલા કોલ આવેલ છે ૨૦૨૩/૧૨/? અને કેવા પ્રકારના કોલ આવેલા છે તેની જાણકારી આપવા વિનંતી છે ? |
| જવાબ | ૧) દરેક જિલ્લાની શ્રમ આયુક્ત તંત્ર હેઠળની કચેરીઓમાં અધિકારીનો રૂબરૂ સંપર્ક સાધવામાં આવતા માર્ગદર્શન આપવામાં આવે છે.<br>૨) શ્રમ આયુક્ત કચેરી દ્વારા ટોલ ફ્રી હેલ્પ લાઇન દ્વારા અસરકારક, ત્વરિત વ્યવસ્થાના ભાગરૂપે કાયદાકીય માર્ગદર્શન, શ્રમયોગીઓની કલ્યાણકારી યોજનાઓની જાણકારી તથા ટેલિફોનિક ફરિયાદ પણ નોંધવા માટે જી.વી.કે. મારફત શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય દ્વારા શ્રમિક સહાયક હેલ્પલાઇન '૧૫૫૩૭૨' તા.૨૧/૧૦/૨૦૨૨ના રોજથી કાર્યરત કરવામાં આવેલ છે.<br>આ શ્રમિક સહાયક હેલ્પલાઈન ઉપર ભાવનગર જિલ્લામાં તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા-૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં કુલ ૩૭૩ કોલ મળેલ છે. તેમાંથી ૨૫૪ કોલ વિવિધ પ્રકારના શ્રમયોગીઓને લગતા પ્રશ્નોની જાણકારી મેળવવા ૮૫ શ્રમતંત્ર તથા તેના સંલગ્ન વિવિધ બોર્ડ મારફત ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની જાણકારી માટે ૧૦ કોલ વિવિધ શ્રમ કાયદાને લગતી જાણકારી મેળવવા, ૧૨ કોલ ફરિયાદને લગતી માહિતી મેળવવા, ૧૨ ફરિયાદોના કોલ મળેલ છે. જેમાંથી તમામ કોલ ને યોગ્ય પ્રતિસાદ આપી શ્રમયોગીઓના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવેલ છે.<br>ફરિયાદો બાબતે ઔદ્યૌગિક એકમોની (કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધાયેલ) ફરિયાદમાં દર્શાવેલ મુદ્દાઓ બાબતે અત્રેની કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા કારખાના ધારા તથા અન્ય મજુર કાયદાઓના પાલન અંગે મુલાકાતો લઈ કાયદાઓનું પાલન કરાવવામાં આવે છે અને જ્યા કાયદા ભંગ જણાતા કસુરવાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૧૧ | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૮૮૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રીમતી સેજલબેન પંડ્યા (ભાવનગર પૂર્વ) | |
| પેટા પ્રશ્ન- ૪ | ભાવનગર જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલાં ઔદ્યોગિક એકમોમાં કોર્ટ કાર્યવાહી કરવામાં આવેલ છે ? |
| જવાબ | ભાવનગર જિલ્લામાં ફરિયાદો સિવાય ૭૧ ઔદ્યોગિક એકમોમાં ૧૫૦ ફોજદારી કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી ૪૫ કેસોનો નામદાર કોર્ટ દ્વારા નિકાલ કરી કસુરવાર માલિકને રૂ. ૬,૯૨,000/- દંડ વસુલ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે. |

| ઔદ્યોગિક એકમોની સંખ્યા | દાખલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા | પડતર કોર્ટ કેસોની સંખ્યા | નિકાલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા | દંડની રકમ(રૂ.) |
|---|---|---|---|---|
| ૭૧ | ૧૫૦ | ૧૦૫ | ૪૫ | રૂ.૬,૯૨,000/- |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમઃ ૧૧ | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૮૮૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ભીખાભાઇ બારૈયા (પાલીતાણા) | |
| પેટા પ્રશ્ન-૫ | ભાવનગર જિલ્લામાં તા-૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મળેલ ફરિયાદો કયા કયા શ્રમ કાયદા હેઠળની છે ? |
| જવાબ | ભાવનગર જિલ્લામાં તા-૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મળેલ ફરિયાદોની વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | કાયદાનું નામ | ફરિયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | કારખાના અધિનિયમ,૧૯૪૮ | ૦૪ |
| ૨ | લઘુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ | ૪૩ |
| ૩ | ઔદ્યોગિક વિવાદ અધિનિયમ,૧૯૪૭ | ૦૩ |
| ૪ | અન્ય | ૦૧ |
| | કુલ | ૫૧ |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમઃ ૧૧ | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૮૮૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ભીખાભાઇ બારૈયા (પાલીતાણા) | |
| પેટા પ્રશ્ન ૬ | તા૨૦૨૩ની સ્થિતીએ ભાવનગર જિલામાં છેલ્લા એક /૧૨/૩૧. વર્ષના સમયગાળા દરમિયાનકારખાના ધારા હેઠળ કેટલી ફરિયાદો મળેલ છે? |
| જવાબ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ ભાવનગર જિલામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમિયાન કારખાના ધારા હેઠળ ૦૪ ફરિયાદો મળેલ છે |

મેઇન પેજ પર જાઓ